Vol. 7, Issue: 9, Sept.: 2019
(IJRSML) ISSN: 2321 - 2853

# જીર્ણશીર્ણ જીવ જીવતર પર થીંગડું

ડૉ. નટવરસિંહ ઠાકોર
મુ.પો.કુણઘેર, તા.જિ.પાટણ -૩૮૪૨૫૫

ગુજરાતી સાહિત્ય સર્જન અને સ્વરૂપની બાબતમાં ગમો, અણગમો અથવા તો પ્રાથમિક સંસ્કાર સામાન્ય ગણાય પરંતુ પૂર્વ ભૂમિકાની જડમાં ગુંજન જેવુ ચાલતુ તો હોય જ.

સુરેશજોશીની ' થીંગડું 'વાર્તામાં સીધી રેખાની ગતિએ કૃતી ચાલે અને પ્રભાવકના અંતે પહોચતા પહેલા વાર્તામાં વાર્તાની પ્રવિધિનો ભલે પૂર્ણ રીતે સફળ નહીં હોય તો પણ ધ્યાનપાત્ર નો વિનિયોગ સધાતો જોવાનો એક લહાવો છે.

જીવનની ભંગુરતા.યૌવનની સહિષ્ણુ પ્રકૃતિ એ બંનેને ખાળવા વ્યક્તિની જિજીવિષા,જર્જરિત હાસના પરિવેશિત ચિત્રો મધ્યે ઝઝૂમીને કેવી રીતે ખતમ થઈ જાય એ દર્શાવવા ઉપરાંત પાપ કે કલંકમુક્ત હોઇ શકેની અફરતાનો અસ્તિવિગત સંદેશ કલાકૃતિના માધ્યમથી આપવાનો રસપ્રદ ક્રમ તો છે. કથનને નિરૂપવા માટે જરૂરી ટેકનિકલનો હાઉ,રીતિ,નિપુણતાને બરાબર કામે લગાડવામાં આવેલ છે,પરંતુ પરિણામ ?

આરંભમાં વૃદ્ધ નાયક પ્રભાશંકરને સ્પર્શતું વર્ણન જાણે કોઈ નાગણે બટકું ભરી અંધકારના ઝેરની કોથળી ઠાલવી દીધી હોય અને એ ઠલવાયેલો અંધકાર પ્રભાશંકરને પણ ચારે બાજુ થી ઘેરી લે છે. વાર્તાના અંતમાં આવો આકાર ધારણ કરે છે.ને પછી બખિયો ભરતાં સોય આંગળીના ટેરવામાં પેસી ગઈ. એટ્લે સોય દોરો કાઢી લઈને ઊભા થયા અને ઘરની અંદરના અંધકારમાં અલોપ થઇ ગયાં. શરૂઆતે મરણના પર્યાયરૂપે અંધકાર નાયકને ઘેરી વળે છે.અને અંતે થીંગડું મારવાની તીવ્ર અક્ષમતા અને અશક્યતાની ઘેરી આબોહવામાં નાયક પ્રભાશંકર પોતે અલોપ થઈ જાય છે.

અને પછી શું બન્યું ?મોટો દીકરો મણિશંકર અને પછી કોટની બાંય ઝાલી રોકતી 'મકું' જેનો ટહુકો કરતી તેમજ થીંગડા' મારતા હું નહીં થાકુંની બાયધરી આપતી પત્ની પાર્વતી પણ મૃત્યુના મુખમાં ધકેલાઇ જાય છે.હવે વારંવાર બાય પકડનાર કોઈ નથી જે છે એ બધાં જ પોતાની જાતમાં મશગુલ છે. અને એ જાતેજ થીંગડું મારવાના દહાડા ઊતર્યા છે. ભૂતકાળ અને વર્તમાન વચ્ચે ઝોલાં ખાતા નાયકને થીંગડું મારવા માટે ગાભો મળે છે. પરંતુ કોટના રંગ સાથે મળતો નથી. આ કમેળ સાથે વાર્તાના આરંભમાં નાયકને વિલાઈ ગયેલા ફૂલ જેવો બતાવેલો છે.

પછી 'દાદા'ના સંબોધનથી પ્રભાશંકરનું દિલ જીતી લેતો દેવશંકરનો પુત્ર મનુ પ્રવેશે છે.જે વાર્તા કહેવાની શરતે સોયમાં દોરો પરોવી આપે છે. અહીથીજ વાર્તામાં થોડીક મુશ્કેલી શરૂ થાય છે. વાર્તાનો આરંભ જે સ્મૃતિ સમૃધ્ધ હતો એના ઉપર કૃતીના અંત સુધી લંબાવતો બીજી વાર્તાના ઉતરાર્ધમાં પોતે જ એક જાતનું થીંગડું બની રહે છે.ચમત્કારિક સિધ્ધ-ગોપીચંદ રજાકરણીવરણી કાયા વાળો રાજકુવર –બાબરની જેમ જીવના જોખમે અને પાપ શૂન્ય –નિષ્કલંકિત હોય તેજ રેશમી વસ્ત્ર સાધી શક્યતા મનું પાસે કહેવડાવે છે.કે આપણે બંને મળીને પાપશૂન્ય-નિષ્કલંકિત હોય તેજ રેશમી વસ્ત્ર સાધી શકયાની શરત એની અશક્યતા મનુ પાસે કહેવડાવે છે કે આપણે બંને મળીને એનું રેશમી વસ્ત્ર ફેકી દઇશું. પછી એને રખડવાનું તો મટશે.આ વિધાનમા માનવીની પરિસ્થિતિ આમાં સંપૂર્ણપણે જોવા મળે છે.

હતું. બીજું પરણતિ વખતે 'વારુ તમે કહેસો એટલા થિંગડા મારી આપીશએવી કબૂલાત કરીને પાર્વતિ જીવી ત્યાં સુધી કરકસરના થિંગડા મારીને પતિના ઘર સંસારને નિભાવ્યો. ત્રીજું ચિરાયુને પણ ચમત્કારિક રેશમી વસ્ત્રમાં પડેલા કાણાં પર થીંગડું મારવું હતું અને ચોથું વારતાનું શીર્ષક જે પ્રભાશંકર તથા ચીરાયું બંનેની કરૂણ જિંદગીને લાગુ પડે છે.

બીજી વાર્તા આગળના નાયકગત અનુભવના સમીકરણથી ઝાઝી પ્રગતિ શકાતી નથી. પ્રભાશંકર પોતે જ રાજા કે રાની છે. એથી ગોઠવણ ખુલ્લી પડી જતી હોઈ કૃતક બની જાય છે.

વળી આગળ વાર્તામાં રાજારાણી નિષ્પાપ અને નિષ્કલંકિત નથી એ વિગત પણ અચાનક ઉતાવળેથી આવી છે.લેખકે સર્જનાત્મક કસ કાઢ્યો નથી.

શરૂઆતમા જોવા જઈએ તો પ્રભાશંકર થીગડું શબ્દ ચારેકવાર બોલે છે.એની આગળ અને પાછળ કોટ અને થિંગડાને સાંકળીને નિરૂપણ કરાયું છે. ત્યાં વસ્તુ પર જરૂર કરતાં વધુ ઘંટીને અવાસ્તવિક ભાર મૂકાયો છે. આથી વ્યંજનાના લાભ વાર્તાને મળતો ગયો છે. પહેલાની વાર્તા કરતાં ઘૂંટીને અવાસ્તવિક ભાર મુકાયો છે. આથી વ્યંજનાના લાભ વાર્તાને મળતો અટકી ગયો છે. પહેલાની વાર્તા કરતાં પછીની કથાનું વજન વધી પડતાં સુક્ષ્મ સંતુલન પણ ઘવાય છે. અહી માત્ર ભાષાનું કર્મ વાતાવરણને પોષક અને પાત્રાનુરૂપ થયું છે.

**સંદર્ભ સૂચી**

૧. સુરેશજોશી ની કેટલીક નવલિકાઓ